# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 03/09/2026** **Morning : 7.10 to 7.20**

**Day : THURSDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **કરણ મકવાણા** વાંચે છે.

---

1. **વાઇબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટ અંતર્ગત મુખ્યમંત્રીનો આજે મુંબઈમાં વૈશ્વિક રાજદ્વારી અને વ્યાપારી સમુદાય સાથે સંવાદ.**
2. **રાજ્યના એક જ બંદરે 50 મિલિયન મેટ્રિક ટન કાર્ગો હેન્ડલ કરવાનો નવો વિક્રમ.**
3. **કેન્દ્રીય મંત્રી મનસુખ માંડવિયા આજે પોરબંદરમાં લોકમેળાનું ઉદઘાટન કરશે.**
4. **દ્વારકા સહિતના રાજ્યના પ્રસિધ્ધ યાત્રાધામોમાં જન્માષ્ટમીની તૈયારીઓ... લોકમેળાઓમાં માનવ મહેરામણ ઉમટ્યુ.**
5. **અમદાવાદ આંતરરાષ્ટ્રીય એરપોર્ટ પરથી એક દંપતી નશાકારક પદાર્થ સાથે ઝડપાયું.**
6. **ગુજરાત સુપર લીગની રોમાંચક મેચમાં અમદાવાદ એવેન્જર્સે વડોદરા વોરિયર્સ એફ.સીને હરાવ્યું.**

--------------------------------------------------------------------------------

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ 7 વાગીને 45 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો..**

# VGGS

વાયબ્રન્ટ ગુજરાત વૈશ્વિક સંમેલન 2027ના આયોજન પહેલા રાજ્ય સરકાર દ્વારા આજે મુંબઈમાં રોડ શો યોજાશે, આ કાર્યક્રમ દરમિયાન મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ અને નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી વિવિધ દેશોના કોન્સ્યુલ જનરલ તથા અગ્રણી ઉદ્યોગ પ્રતિનિધિઓ સાથે સંવાદ કરશે અને આગામી સંમેલન માટે ગુજરાતમાં ઉપલબ્ધ તક અંગે માહિતગાર કરશે. આ કાર્યક્રમમાં યુવા ઉદ્યોગસાહસિકો સાથે ગોળમેજી સંવાદ પણ યોજાશે અને રોકાણની નવી તક વ્યવસાયના વિસ્તરણ અને વ્યૂહાત્મક ભાગીદારી અંગે ચર્ચા કરાશે.

# HARSH SANGHVI

મુખ્યમંત્રીની અધ્યક્ષતામાં ગઇકાલે ગાંધીનગર ખાતે યોજાયેલી કેબિનેટની બેઠકમાં થયેલી ચર્ચાની વિગતો આપતાં નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ જણાવ્યું હતું કે ગુજરાતના બંદરો પર કાર્ગો હેન્ડલિંગમાં વધારો થયો છે.. તેમણે ઉમેર્યું હતું કે રાજ્યના બંદરો પર કાર્ગો હેન્ડલિંગના વધેલા આંકડા સ્પષ્ટ કરે છે કે ગુજરાતનું મેન્યુફેક્ચરિંગ આઉટપુટ વધ્યું છે અને રાજ્યમાંથી નિકાસમાં મોટો ઉછાળો આવ્યો છે.

## BYTE - HARSH SANGHAVI (PORTS)

*(એક જ પોર્ટ પર રિવ્યુના આધારે આ નંબર સવા ગણો વધ્યો છે. 50 મિલિયન મેટ્રિક ટન કાર્ગો એ માત્ર એક પોર્ટ દ્વારા હેન્ડલ કરવામાં આવે એ જ પ્રકારે અલગ અલગ તમામ પોર્ટોમાં જે કાર્ગો હેન્ડલિંગ છે એ બી આ મહિને એનો બી આંકડો ખૂબ મોટા પાયે વધ્યો છે.)*

તેમણે જીએસટીમાં વધારા અંગે જણાવ્યુ હતું કે વિશ્વભરમાં આર્થિક પડકારો હોવા છતાં ભારતનો જીડીપી ગ્રોથ રેટ 7.8 ટકા રહ્યો છે, જે ભારતીય અર્થતંત્રની મજબૂતાઈ દર્શાવે છે. તેમાંય ગુજરાતમાં જીએસટી સંગ્રહમાં વધારો થયો છે.

## BYTE - HARSH SANGHAVI (GST)

*(જીએસટીનું આપણે સૌ લોકો જાણીએ છીએ કે જે પ્રકારે દેશના નાગરિકોના હિતમાં જીએસટીના તમામ દિશામાં જે રેટ ઘટાડવામાં આવ્યા તે છતાં ગયા મહિને ગુજરાતમાં 20% આપણો ગ્રોથ હતો અને આ મહિને 28% ના ગ્રોથ જોડે ગુજરાત આગળ વધી રહી છે.)*

ગઇકાલે યોજાયેલી કેબિનેટની બેઠકમાં વરસાદની ઘટ વાળા જિલ્લાઓમાં પાણી અને ઘાસચારાની પણ કોઇ અછત ન સર્જાય તે માટે સરકારે આયોજન કર્યું હોવાનું પણ તેમણે જણાવ્યુ હતું.

# MANSUKH MANDVIYA GUJARAT

કેન્દ્રીય મંત્રી મનસુખ માંડવિયા આજથી પોરબંદર, ભાવનગર અને સુરત જિલ્લાની ચાર દિવસીય  મુલાકાતે આવશે. આ દરમિયાન તેઓ વિવિધ સાર્વજનિક અને ધાર્મિક કાર્યક્રમોમાં હાજરી આપશે. તેઓ આજે સાંજે પોરબંદરના ચોપાટી મેદાન ખાતે કૃષ્ણ સખા સુદામા સંસ્કૃતિક લોકમેળો-૨૦૨૬નું ઉદ્ઘાટન કરશે. ત્યારબાદ ભાવનગરના જવાહર મેદાન ખાતે જન્માષ્ટમી કાર્યક્રમમાં ઉપસ્થિત રહેશે.

આ મુલાકાત દરમિયાન તેઓ વિવિધ વિકાસકાર્યોનું લોકાર્પણ પણ કરશે.

# JANMASHTMI

રાજયભરમાં શ્રીકૃષ્ણ જન્માષ્ટમીના મહાપર્વને લઈને વિશેષ તૈયારીઓ સાથે વહીવટી તંત્ર સજ્જ છે. દ્વારકાધીશ જગત મંદિર અને બેટ દ્વારકા ખાતે ચુસ્ત સુરક્ષા બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો છે. 2 હજાર  જેટલા પોલીસકર્મીઓ સાથે અત્યાધુનિક ડ્રોન કેમેરાથી સમગ્ર વિસ્તાર પર બાજ નજર રાખવામાં આવશે.

જિલ્લા કલેકટર રાજેશ તન્નાએ આ અંગે વધુ માહિતી આપી.

**(BYTE - RAJESH TANNA - DISTRICT COLLECTOR)**

***(આ વખતે પણ કીર્તિ સ્તંભથી બેરિકેટિંગનું અને લોકોની મુવમેન્ટ અવરજવર ત્યાંથી રિસ્ટ્રિક્ટ કરેલી છે અને ત્યાંથી એક લાઇન દ્વારા 56 સીડીથી એન્ટ્રી કરી અને મોક્ષ દ્વારથી બધા બહાર આવશે, એટલે લોકોનો પ્રવાહ અવિરત રીતે ચાલ્યા કરે. આપણી પરંપરાગત પદ્ધતિ મુજબ 12 વાગે કૃષ્ણ જન્મ થશે, એ વખતે ઉત્સવ આરતી થશે અને ત્યાર પછી પણ કલાક સુધી દર્શનનો લાભ બધાને મળી શકશે અને બીજા દિવસે બધા નંદ મહોત્સવ માણીને છૂટા પડશે.)***

રાજકોટમાં 'વિરાસતથી વિકાસ લોકમેળા'નો પ્રારંભ થયો છે. મેળામાં સુરક્ષાને ધ્યાને લઈને પોલીસ બંદોબસ્ત, ભીડ વ્યવસ્થા અને રિયલ ટાઈમ એ.આઈ. બેઝ્ડ ક્રાઉડ મેનેજમેન્ટ માટે ડ્રોન સહિતની સઘન વ્યવસ્થા કરવામાં આવી છે.

સુરેન્દ્રનગરમાં એકાદશી સુધી ચાલનાર આ મેળામાં દરરોજ રાત્રે રાસ-ગરબા અને લોકડાયરા સહિતના સાંસ્કૃતિક કાર્યક્રમો  યોજાશે.

ભાવનગરમાં તુલસીશ્યામમાં જન્માષ્ટમી પર્વે ભગવાન શ્યામને પ્રથમ વખત ખુલ્લા પરદે સ્નાન કરાવશે. સાતમ આઠમે ભક્તોનો ભારે ધસારોને પગલે વિશેષ સુવિધાઓ કરવામાં આવી છે.

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

ગોન્ગ મ્યુઝિક

.....................................

ડેસ્ક

# SCHOOL SELF-ASSESSMENT

રાષ્ટ્રીય શિક્ષણ નીતિ –**NEP** 2020 અંતર્ગત પ્રથમ તબક્કાની ઓનલાઈન સ્વ-મૂલ્યાંકન પ્રક્રિયા પૂર્ણ કરવાની અંતિમ તારીખ 8 સપ્ટેમ્બર સુધી લંબાવવામાં આવી છે. અત્યારસુધીમાં રાજ્યની 40 હજારથી વધુ શાળાઓએ સ્વ-મૂલ્યાંકનની કામગીરી પૂર્ણ કરી લીધી છે, જ્યારે 10 હજારથી વધુ  શાળાઓમાં આ પ્રક્રિયા ચાલી રહી છે. તો 2 હજાર 714 શાળાઓમાં જ આ કામગીરી શરૂ કરવાની બાકી રહી છે. ત્યારે સમયમર્યાદામાં વધારો કરતાં આ શાળાઓનું મૂલ્યાંકન પૂર્ણ થશે. આ ઉપરાંત સમયસર સ્વ-મૂલ્યાંકન ન કરનાર શાળાઓનું સીધું જ બાહ્ય-મૂલ્યાંકન હાથ ધરવામાં આવશે.

# PARAMEDICAL ADMISSION

બીએસસી નર્સિંગ સહિતના પેરામેડિકલ અભ્યાસક્રમોમાં પ્રવેશ માટે ચોઈસ ફિલિંગનો પ્રારંભ થયો છે. 56 હજારથી વધુ બેઠકો માટે વિદ્યાર્થીઓએ આગામી 7મી તારીખ સુધી ચોઈસ ફિલિંગ કરી શકશે. પ્રથમ રાઉન્ડની પ્રક્રિયામાં પ્રવેશ માટે ફાઇનલ મેરિટમાં 34 હજાર 740 વિધાર્થીઓનો સમાવેશ કરાયો છે.

# AHMEDABAD GANJO

અમદાવાદ આંતરરાષ્ટ્રીય એરપોર્ટ પરથી વડોદરાનું એક દંપતી 1 કિલો 928 ગ્રામ નશાકારક પદાર્થ સાથે ઝડપાયું છે. બેંગકોકથી અમદાવાદ આવેલી ફ્લાઇટમાં આવેલી દંપતીના સામાનની કસ્ટમ્સ વિભાગે તલસ્પર્શી ચકાસણી કરતાં તેમની ટ્રોલી બેગમાં પાંચ પેકેટોમાં લીલા રંગનો પદાર્થ છૂપાવેલો મળી આવ્યો હતો.

આ પદાર્થની પ્રાથમિક તપાસમાં તે નશાકારક પદાર્થ હોવાનું સાબિત થયું હતું. 10 પેકેટોમાં મળી આવેલાં હાઇડ્રોપોનિક્સ મારિજુઆનાનું કૂલ વજન 1928 ગ્રામ હતું. આ માદક પદાર્થના જથ્થાં સાથે દંપતિની ધરપકડ કરીને આ જથ્થો કોના માટે અને કોની પાસેથી લાવ્યા હતા તેની તપાસ કરવામાં આવી રહી છે.

# GUJARAT SUPER LEAGUE

ગુજરાત સ્ટેટ ફુટબોલ એસોસિએશન દ્વારા ગુજરાત સુપર લીગ સિઝન **3** ની ગઇકાલે રમાયેલી રોમાંચક મેચમાં અમદાવાદ એવેન્જર્સનો વિજય થયો છે. અમદાવાદની ટીમે **2-1** થી ડિફેન્ડિંગ ચેમ્પિયન વડોદરા વોરિયર્સ એફ. સી. ને હરાવીને અમદાવાદ ટીમે આ સિઝનમાં જીત સાથે શરૂઆત કરી હતી.

# CRICKET-WOMEN’S-ASIA-CUP

**મહિલા ક્રિકેટમાં આજે દુબઈ ઈન્ટરનેશનલ સ્ટેડિયમ ખાતે T-20 એશિયા કપના ગ્રુપ Aના બીજા મેચમાં ભારત હોંગકોંગ સામે ટકરાશે. આ મેચ ભારતીય સમય મુજબ રાત્રે 8 વાગ્યે શરૂ થશે.**

# WORLD ARCHERY PARA SERIES

ભારત 5 થી 9 સપ્ટેમ્બર દરમિયાન અમદાવાદના સાબરમતી રિવરફ્રન્ટ ખાતે પ્રથમ વખત વર્લ્ડ આર્ચરી પેરા સિરીઝ - દિવ્યાંગ તીરંદાજો માટે યોજાતી આંતરરાષ્ટ્રીય તીરંદાજી સ્પર્ધાનું આયોજન કરશે. જેમાં 20 દેશોના 100 થી વધુ ખેલાડીઓ ભાગ લેશે.

આ સ્પર્ધા 2026ની પેરા સિરીઝનો ત્રીજો તબક્કો છે. અગાઉ 30 જૂનથી 4 જુલાઈ દરમિયાન બેંગકોક અને ચેકિયાના નોવે મેસ્ટોમાં સ્પર્ધાઓ યોજાઈ હતી. ચોથો અને અંતિમ તબક્કો ઓક્ટોબરમાં ચિલીના સેન્ટિયાગોમાં યોજાવાનો છે. આ સ્પર્ધાનુ ઔપચારિક ઉદ્ઘાટન સમારોહ આવતીકાલે યોજાશે.

# MAHESUL PORTAL CLOSE

મહેસૂલ વિભાગના ઈ – ધરા, **iORA** અને **AnyROR** પોર્ટલ પરની સેવાઓ મેન્ટેનન્સને લઈને **6** સપ્ટેમ્બર સુધી બંધ રહેશે. આ સમયગાળા દરમિયાન ગરવી પોર્ટલ મારફતે થતી ખેતીના દસ્તાવેજ માટેની એપોઇન્ટમેન્ટ બુકિંગ, નોંધણી, **iORA** પોર્ટલ મારફતે ઇંડેક્સ **2**ની પ્રમાણિત નકલ તેમજ **iORA** પરની દસ્તાવેજની પ્રમાણિત નકલની સેવાઓ બંધ રહેશે, તેમ મહેસૂલ વિભાગની યાદીમાં જણાવાયું છે.

# GOVERNOR – GANDHINAGAR VISIT

રાજ્યપાલ આચાર્ય દેવવ્રતજીએ ગાંધીનગરના ચંદ્રાલા ગામે "એક પેડ માઁ કે નામ" અભિયાન અંતર્ગત જ્યોતિ વિદ્યામંદિરના પરિસરમાં ગ્રામજનો સાથે સામુહિક વૃક્ષારોપણ કર્યું. તેમણે સ્થાનિક સફાઈકર્મીઓ અને ગ્રામજનો સાથે સ્વચ્છતા પણ અભિયાન હાથ ધર્યું. તેમણે અનુસૂચિત જાતિના લાલાભાઈ પરમારના ઘરે રાત્રિ ભોજન ગ્રહણ કરી સામાજિક સમરસતાનો સંદેશ આપ્યો હતો.

# VALSAD NALIYERI DIWAS

વલસાડના સેન્ટર ઓફ એક્સલેન્સ ચણવઈ ખાતે વિશ્વ નાળિયેરી દિવસની ઉજવણી નિમિત્તે ખેડૂતોને આંબા - ચીકુના બદલે નાળિયેરીની ખેતી તરફ વાળવા માટે અનુરોધ કરાયો હતો.

વલસાડના ચણવઈ ગામમાં સ્થિત સેન્ટર ઓફ એક્સેલન્સ ફોર ફ્લોરીકલ્ચર એન્ડ મેંગો ખાતે એક દિવસીય ખેડૂત તાલીમ કાર્યક્રમ અંગે નવસારીના યુનિવર્સિટીના કુલપતી ડોક્ટર આર. એમ. નાયકે વધુ વિગતો આપી હતી.

## (BYTE – DR. R.M. NAIK, VICE-CHANCELLOR, NAVSARI AGRICULTURAL UNIVERSITY)

*(આ ખેડૂતો નાળિયેર દ્વારા પોતાની આર્થિક સ્થિતિ વધુ મજબૂત કરતા જાય તે માટે સ્પેશિયલ કાર્યક્રમ રાખવામાં આવ્યો છે. લગભગ 300 જેટલા ખેડૂતો અહીં ઉપસ્થિત છે અને એ ઓને એની અંદર વેલ્યુ એડિશન કેવી રીતે કરવી, આગળ બજાર ભાવ કેવી રીતે સારા મેળવવા આ બધી માહિતી સહિત હાલમાં જે નવો ટ્રેન્ડ ચાલુ થયો છે કેરી અને ચીકુની વચ્ચે નાળિયેરી રોપવી, એ રીતે પણ નાળિયેરનું વધારે ઉત્પાદન આપણે કરી શકીએ એમ છે, તેની પણ કેટલીક સચોટ માહિતી આ ખેડૂતો મેળવશે.)*

# AMBAJI FDA

અંબાજીમાં આગામી ભાદરવી પૂનમ મેળા દરમિયાન મોટી સંખ્યામાં યાત્રાળુઓ દર્શનાર્થે આવતા હોવાથી યાત્રાળુઓને શુદ્ધ, સલામત અને ગુણવત્તાયુક્ત ખાદ્ય સામગ્રી મળી રહે તે હેતુથી ખોરાક અને ઔષધ નિયમન તંત્ર, પાલનપુર દ્વારા ફૂડ સેફટી વાન મારફતે વિવિધ સ્ટ્રીટ ફૂડ વેન્ડરો તથા 72 ખાદ્ય પેઢીઓની તપાસ કરી અને સ્થળ પર કુલ 83 ખાદ્ય સામગ્રીના ટેસ્ટિંગ હાથ ધરવામાં આવ્યા. તપાસ દરમિયાન અખાદ્ય જણાયેલી સામગ્રી સામે તાત્કાલિક કાર્યવાહી કરી સ્થળ પર જ નાશ કરાવવામાં આવ્યો.

મહેસાણા ખોરાક અને ઔષધ નિયમન તંત્ર એ સઘન ઝુંબેશ હાથ ધરી ઓગસ્ટ માસમાં 135 પેઢીઓની તપાસ કરી 230 કિલો અખાદ્ય જથ્થાનો નાશ કર્યો છે. નાગરિકોના આરોગ્યની સુરક્ષા માટે ખોરાક અને ઔષધ નિયમન તંત્ર સજ્જ થયું છે. મહેસાણા જિલ્લામાં એક ખાદ્ય પેઢીનું લાયસન્સ સ્થગિત કર્યું તો 28 પેઢીને ઈમ્પ્રુવમેન્ટ નોટિસ ફટકારવામાં આવી છે.